सत्य मेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૮–૦૧–૨૦૨૫ | | |
| રજી. તારીખ | : | ૦૮–૦૧–૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | : | ૧૬–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

***રાજુલાના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી આર.વી.સોની સાહેબની કોર્ટ સમક્ષ.***

***મું.રાજુલા.***

**ફોજદારી કેસ નં.૧૧૪/૨૦૨૫**
**આંક :–**

ફરિયાદી : સરકાર શ્રી

**::– વિરૂધ્ધ –::**

આરોપી : (૧) અમરસીંગ નાનસીંગ ભાભર,
(૨) રાકેશ ન્યાલસીંગ ભુરીયા,
(૩) રેવલસીંગ ભાવસીંગ બીલવાલ,
તમામ ઉ.વ.આ.પુખ્ત,
તમામ રહે. મધ્યપ્રદેશ ધાર જીલ્લો

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>ગુન્હો :</u> ધી ભારતીય ન્યાય સંહિતા(બી.એન.એસ)ની કલમ: ૩૦૯(૫), ૩(૫) મુજબ...**

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

અપિયરન્સ : <u>ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી એચ.એમ.ત્રિવેદી</u>

<u>આરોપી પક્ષે વિધ્વાન વકિલ શ્રી એસ.બી.બાબરીયા</u>

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## -: ચુકાદો :-

(૧) ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,

આ કામના ફરિયાદી તા.૨૩/૧૦/૨૦૨૪ ના રાત્રીના ભેરાઈ ગામેથી પોતાના ગામ પાટી જતા હોય ત્યારે રાત્રીના આશરે દસેક વાગ્યે વાવડી ગામેથી આશરે એકાદ કીલોમીટર દુર નેસડી પાટીના રસ્તે પહોચતા રસ્તા ઉપર અરવીંદભાઈ બાલાભાઈ સાવલીયા રહે.નેસડી વાળાની વાડીએ ખેત મજુરી કામ કરતા આરોપીઓ રસ્તામાં ફરિ.નું મોટર સાયકલ ઉભુ રખાવી ફરિ.ને પરાણે નીચે ઉતારી ફરિ.ના બંને હાથ પકડી રસ્તા ઉપર પછાડી દઈ આરોપીઓએ ફરિ. પાસે રોકડા પૈસા ઘરેણા જે હોય તે આપી દેવાનું કહેતા ફરિ.એ આરોપીઓને પૈસા નહીં આપતા આરોપીઓએ ફરિ.ના ખીસામાં હાથ નાખી પૈસા ઝુટવાની કોશીશ કરી ભાગી જઈ **ધી ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ) ની કલમ: ૩૦૯(૫), ૩(૫)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ સંબંધીત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ/વોરંટ કરતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા **ભારતીય નાગરિક સુરક્ષ સંહિતા, ૨૦૨૩(બીએનએસએસ)ની કલમ-૨૩૦** મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપીઓ વિરુધ્ધ **આંક - ૦૪** થી તહોમતનામું ફરકાવી, **આંક-૦૫ થી આંક-૦૭ સુધી** આરોપીઓનો

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

જવાબ લેવામાં આવતાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી દડુભાઈ બાધાભાઈ વાઘની જુબાની | ૧૭ |

**–:દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **૧** | ફરીયાદ | ૧૮ |
| **૨** | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૯ |
| **3** | અટક પંચનામું | ૨૦ |

(૪) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે એ.પી.પી.શ્રીએ ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે અને તે સબબ ફરીયાદ પક્ષે આંક–૨૧ થી કલોઝિંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (બીએનએસએસ)ની કલમ–૩૫૧** મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(૬) બન્ને પક્ષે દલીલો સાંભળી.

વિ.એ.પી.પીશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ આ આરોપીઓ વિરૂધ્ધ કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ છે અને આરોપીપક્ષે કબુલ રાખેલ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં આરોપીઓ સામેનો કેસ પુરવાર થાય છે. આથી આરોપીઓને મહતમ સજા કરવી જોઈએ.

જયારે આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલમાં જણાવેલ છે કે કોઈ પણ સાહેદો **બનાવ સમયે આ કામના આરોપીઓએ કહેવાતી ચોરી કરેલ હોય** તેવી હકીકત જણાવતાં નથી. આ કામે વાદગ્રસ્ત બનાવ સામે આરોપીઓને સાંકળતો કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી. આથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૭) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**– મુદ્દા –**

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી તા.૨૩/૧૦/૨૦૨૪ ના રાત્રીના ભેરાઈ ગામેથી પોતાના ગામ પાટી જતા હોય ત્યારે રાત્રીના આશરે દસેક વાગ્યે વાવડી ગામેથી આશરે એકાદ કીલોમીટર દુર નેસડી પાટીના રસ્તે પહોચતા રસ્તા ઉપર અરવીંદભાઈ બાલાભાઈ સાવલીયા રહે.નેસડી વાળાની વાડીએ ખેત મજુરી કામ કરતા આરોપીઓ રસ્તામાં ફરિ.નું મોટર સાયકલ ઉભુ રખાવી ફરિ.ને પરાણે નીચે ઉતારી ફરિ.ના બંને હાથ પકડી રસ્તા ઉપર પછાડી દઈ આરોપીઓએ ફરિ. પાસે રોકડા

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

પૈસા ઘરેણા જે હોય તે આપી દેવાનું કહેતા ફરિ.એ આરોપીઓને પૈસા નહીં આપતા આરોપીઓએ ફરિ.ના ખીસામાં હાથ નાખી પૈસા ઝુટવાની કોશીશ કરી ભાગી જઈ, ધી ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ) ની કલમ: ૩૦૯(૫), ૩(૫) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં. (૧) :-</u>**

(૯) ભારતીય સાક્ષ્ય અધિનિયમ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક-૧૭ થી તપાસવામાં આવેલ આ કામના મુળ ફરીયાદી દડુભાઈ બાઘાભાઈ વાઘની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે,'' બનાવ આજથી આશરે દોઢેક વર્ષ પહેલા બનેલો. બનાવનાં દિવસે હું ટીંબીથી ભેરાઈ ગામે મારુ મો.સા. લઈને મારા બેન નાં ઘરે ગયેલો અને ત્યાથી પરત આવતો હતો તે વખતે વાવડી ગામમાંથી પસાર થઈ નેસડી પાટી રોડ ઉપર જઈ રહેલ હતો ત્યારે રાત્રીનાં સમયે અજાણ્યા માણસો ચાલીને જતા હતા અને આ લોકોએ રાડ પાડીને મારુ મો.સા. ઉભુ રખાવેલુ આ અજાણ્યા લોકો મારી સાથે સામાન્ય બોલાચાલી કરેલી અને તે

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

દરમ્યાન રસ્તા ઉપર પસાર થતા બીજા ધણા માણસો પણ ત્યા ભેગા થઈ ગયેલા અને આ માણસોના ટોળામાં અંદરો અંદર ધકકા મુકકી થતા ટોળામાંથી કોઈ અજાણ્યા માણસે મારા ખીસ્સામાં હાથ નાખેલ હોય તેવુ મને લાગેલું. ત્યારબાદ હું બનાવ સ્થળેથી નિકળીને ભુદાસ મોહનદાસ મને મળતા મે તેમને બનાવની વાત કરેલી અને મારા પરિવારના સભ્યોને પણ આ બનાવની વાત કરેલી. મે આ અજાણ્યા માણસોની શોધવાનો પ્રયત્ન કરેલો અને તે માણસો જે રસ્તે ગયેલા તે તરફ હું ગયેલો અને ત્યારબાદ અરવિંદભાઈ સાવલીયાની વાડીએ હું ગયેલો ત્યા આ વણેય અજાણ્યા માણસો હાજર હતા અને તે વખતે પણ મારે આ અજાણ્યા તણ ઈસમો સાથે ફરીથી સામાન્ય બોલાચાલી થયેલી. આ બનાવની ફરીયાદ મે પોલીસને આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા મારી સહી હું ઓળખી બતાવુ છુ. ફરીયાદને રજુ દાખલ આંક–૧૮ આપવામા આવે છે. આરોપીઓને હું ઓળખતો નથી.'' તેમજ બચાવપક્ષની સમંતિથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે.

ત્યારબાદ, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છેકે, '' એ વાત ખરી છે કે બનાવમાં આરોપીઓએ મને પકડી રાખી બળજબરી પુર્વક મારી પાસેથી પૈસા જુટવવાની કોશીષ કરેલ હોય તેમ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ રાતીના સમયે બનેલો અને બનાવ સ્થળે ધણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે મારા ખીસ્સામાંથી પૈસા જુટવવાની કોશીષ કોણે કરેલી તે હું ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવમાં મારે આરોપીઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયેલી.''

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

(૧૦) વધુમાં, બચાવપક્ષે આંક–૧૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૦ થી અટક પંચનામું કરવામાં આવેલ છે, પરંતુ બચાવપક્ષ દવારા પંચ સાહેદોને તપાસવામાં આવેલા નથી. તેનાથી સદર ચોરી આ કામના આરોપીઓએ કરેલ હોય કે તેમાં આરોપીઓની સંડોવણી હોવાની કોઈ જ હકીકત ફલીત થતી નથી.

(૧૧) વધુમાં, સદર કામે આંક–૧૭ થી તપાસવામા આવેલ આ કામના મુળ ફરીયાદી દડુભાઈ બાઘાભાઈ વાઘ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવનાં દિવસે તેઓ ટીંબીથી ભેરાઈ ગામે તેઓનું મો.સા. લઈને તેઓના બેનનાં ધરે ગયેલો અને ત્યાથી પરત આવતો હતો તે વખતે વાવડી ગામમાંથી પસાર થઈ નેસડી પાટી રોડ ઉપર જઈ રહેલ હતો ત્યારે રાત્રીનાં સમયે અજાણ્યા માણસો ચાલીને જતા હતા અને આ લોકોએ રાડ પાડીને મારુ મો.સા. ઉભુ રખાવેલુ આ અજાણ્યા લોકો સાથે સામાન્ય બોલાચાલી કરેલી અને તે દરમ્યાન રસ્તા ઉપર પસાર થતા બીજા ધણા માણસો પણ ત્યા ભેગા થઈ ગયેલા અને આ માણસોના ટોળામાં અંદરો અંદર ધકકા મુકકી થતા ટોળામાંથી કોઈ અજાણ્યા માણસે તેઓના ખીસ્સામાં હાથ નાખેલ હોય તેવુ મને લાગેલું. તેમ લાગતા તેઓએ હાલની આંક–૧૮ વાળી ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદીની જુબાની પરથી વાદગ્રસ્ત બનાવમાં તેઓના ખીસ્સામાંથી રોકડા પૈસા ચોરાઈ ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. પરંતુ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવમાં આરોપીઓએ તેઓને પકડી રાખી બળજબરી પુર્વક તેઓની પાસેથી પૈસા જુટવવાની કોશીષ કરેલ હોય તેમ બનેલ નથી, બનાવ રાતીના સમયે બનેલો અને બનાવ સ્થળે ધણા બધા માણસો ભેગા થઈ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

ગયેલા, તેઓના ખીસ્સામાંથી પૈસા જુટવવાની કોશીષ કોણે કરેલી તે તેઓ ચોકકસ કહી શકે નહી, બનાવમાં આરોપીઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયેલી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ખુદ ફરીયાદીના પુરાવાથી વાદગ્રસ્ત બનાવમાં ફરિયાદીના ખીસ્સામાંથી રોકડા પૈસાની ચોરી આ કામના આરોપીઓએ કરેલ હોય કે વાદગ્રસ્ત બનાવમાં આ કામના આરોપીઓની કોઈ સંડોવણી હોય તેવી કોઈ હકીકત લેશમાત્ર જણાઈ આવતી નથી. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી ફરીયાદીના ખીસ્સામાંથી રોકડા પૈસાની ચોરી આ કામના આરોપીઓએ કરેલ હોવાની હકીકતનો કોઈ પુરાવો મળતો નથી. સમગ્ર રીતે જોતા ચોરી આ કામના આરોપીઓએ કરેલ હોવાની હકીકતનો કોઈ જ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. જે તમામ બાબત ધ્યાને લેતા આરોપીઓને તકસીરવાન ઠરાવવા તે પુરાવાઓ અપુરતા હોય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ન્યાયી અને વ્યાજબી જણાઈ આવે છે. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ આરોપીઓ વિરુધ્ધના પુરાવાઓ પુરવાર થતાં ન હોવાથી આરોપીઓ વિરુધ્ધ અપુરતો પુરાવો મળી આવતા, સદર આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર છે અને જો આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનુ જણાશે. જેથી આવા સંજોગોમાં મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદૃા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી :–(૧) અમરસીંગ નાનસીંગ ભાભર, ૨) રાકેશ ન્યાલસીંગ ભુરીયા, ૩) રેવલસીંગ ભાવસીંગ બીલવાલ, તમામ ઉ.વ.આ.પુખ્ત,

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula

તમામ રહે. મધ્યપ્રદેશ ધાર જીલ્લોનાઓને **ધી ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ) ની કલમ: ૩૦૯(૫),૩(૫)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૭૧(૧)** અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૪૮૧** અન્વયે આરોપીઓએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૬/૦૬/૨૦૨૬**
**સ્થળ : રાજુલા**

**(રાકેશકુમાર વસંતલાલ સોની)**
**એડી.ચીફ જ્યુડી.મેજી., રાજુલા.**
**Code No. Gj 01193**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Rajula